વાર્ષિક લવાજમ રૂા. ૫૦
રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર
અનસૂયા
વર્ષ - ૩૯ : અંક - ૨૧ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : ડિસેમ્બર ૨૨, ૨૦૨૧

# ન ડ્રાઈવર ન રસોઈયો, ન મજૂર ન મેનેજર

ગુજરાત વિદ્યાપીઠનાં ટ્રસ્ટી ભાઈ પ્રો. શ્રી માઈકલનું વ્યાખ્યાન વિદ્યાર્થીઓ સમક્ષ થયું તેની વિડિયો શ્રી ખિમાણીભાઈએ મને મોકલી, તે મેં જોઈ. આજે દુનિયામાં ટેક્નોલૉજીની પ્રગતિ કેવી અને કેટલી થઈ રહી છે તેની માહિતી વિદ્યાર્થીઓને માઈકેલ તેમના વ્યાખ્યાનમાં સમજાવતા હતા અને તેનો સંદર્ભ આજના શિક્ષણ સાથે કેવો હોય તેના પ્રશ્નો પૂછી રહ્યા હતા. મને આ વ્યાખ્યાને વિચાર કરતી મૂકી દીધી છે. વિદ્યાર્થી તથા અધ્યાપકોએ બાદમાં શું પ્રશ્નો પૂછ્યા તે મને ખબર નથી... કે ચૂપ જ રહ્યા છે!

વ્યાખ્યાનના અગત્યના લાગ્યા તે મુદ્દાઓ હું અહીં 'સેવા'ની બહેનો સુધી પહોંચે તે માટે લખું છું :

૧. AI (આર્ટીફીશિયલ ઇન્ટેલિજન્સ) તથા Robotics (રોબૉટીક્સ) અર્થાત્ માનવમશીનીકરણની ટેક્નોલૉજીને કારણે કરોડો વ્યવસાયો દુનિયાભરમાંથી ખતમ થઈ જશે – ૨૦૨૧ સુધીમાં જ !

૨. તેમણે રોબૉટ એટલે કે માનવમશીનના જીવંત દાખલા આપ્યા. તેની વિડિયો પણ જોઈ ! જેમ કે,

(અ) જાપાનમાં, ટોકિયો શહેરમાં આજે ૩૦૦ રેસ્ટોરાં છે જે રોબૉટ(માનવમશીન)થી ચાલે છે. તેમાં ભાગ્યેજ કોઈ બેથી વધુ માણસો હાજર છે... રસોડામાં રસોઈ, પીરસવાનું, સફાઈ બધું જ રોબૉટ વડે થાય. રસોઇયા, વેઇટરો બધા ગયા. તેમની હવે જરૂર નથી.

માણસની જગાએ રોબૉટની પસંદગી એ માટે થાય છે કે તેના વડે ચોકસાઈ અને ઝડપ રહે છે, કંપનીને વધુ નફો થાય છે. મજૂર-મેનેજર, માલિક-કર્મચારીની કોઈ કચકચ જ નહીં.

શું આપણે લાચારીથી નવી ટેક્નોલૉજીને ખમી લેવી? આ સહન કર્યે જવું? વિદ્યાર્થીઓને માઈકલભાઈનો આ પ્રશ્ન હતો.

(બ) બીજો દાખલો આપ્યો કે, કાર બનાવવાનો ઉદ્યોગ રોબૉટ વડે ચાલે છે. બધા પ્રકારની કાર રોબૉટ બનાવે છે. કારઉદ્યોગમાં, તેના કારખાનાઓમાં જીવતા માણસો તો જૂજ જોવા મળે છે. ડ્રાઇવરોનો પણ આમ છેદ ઊડી ગયો. બધી કાર રોબૉટ બનાવે. બધી કાર બેટરી પર ચાલે, ડિઝલથી નહીં. હજારો કાર દોડે છે પણ રોબૉટ વડે. ડ્રાઇવરોની નોકરી જતી રહી. ટ્રાન્સપોર્ટ કંપનીની ટ્રક પણ એ જ રીતે. અમે વિડિયોમાં જોયું કે સ્વિડનમાં હાઈવે પર ત્રણ વાહન ચાલતા હતા. પહેલી ટ્રક જેમાં મુખ્ય ડ્રાઇવર રોબૉટ, તેની પાછળ બીજી ટ્રક જેમાં ડ્રાઇવર નથી, તેની પાછળ બે ટ્રક ભેગી કરેલી એક લાંબી ટ્રક જેમાં પણ 'નો ડ્રાઇવર', રોબૉટ પણ નહીં. એક મોટા સળંગ સ્મૂધ સુંવાળા ચકચકતા રોડ પર આ ટ્રકો, જાણે આંખો મીંચીને દોડી રહી છે, એવું દ્રશ્ય જોયું. આવું જ અન્ય ઉદ્યોગોમાં અને વ્યવસાયોમાં પણ થઈ રહ્યું હશે એવી ચિંતા મારા મનમાં પેઠી છે. સાચું માની ન શકીએ પણ કહે છે, આ આજની પરિસ્થિતિ છે, જે ભવિષ્ય તરફ પૂરપાટ ધસી રહી છે. કાલ ઊઠીને આપણી પર ધસશે. માન્યામાં જ આવતું નથી. મોટાં નિષ્ણાંતો આપણને કહે છે કે આજના યુગમાં ટેક્નોલૉજી ઝડપથી બદલાઈ રહી છે, વ્યવસાયો બદલાઈ રહ્યા છે તે હવે સમજાયું. વિડિયોમાં જોયું.

હવે જે લાખો-કરોડો બેરોજગાર થયા તેનું શું? તેનો જવાબ આ મોટાંઓએ કંઈક આવો શોધ્યો છે જેને કહે છે સાર્વત્રિક મૂળભૂત

આવકનો અર્થશાસ્ત્રીય કાયદો. પ્રજાના દરેક નાના-મોટાનાં બૅંકમાં ખાતા ખોલીને તેમાં જીવનપોષણ થાય એટલી કાયદેસરની બાંધેલી આવક જમા થાય. આમ, ખાનગી કંપનીઓ તેમના ઉદ્યોગમાં માણસો ઘટાડી, હટાવીને પોતે મોટા નફા કરશે અને તેમાંથી સરકાર દરેકના ખાતામાં જીવન જરૂરિયાત મિનિમમ, બાંધી આવક માટેની રકમ નિયમિત જમા કરી દેશે.

ત્યારબાદ તમામ સેવાઓ, જેમ કે સ્વાસ્થ્યસેવા, શિક્ષણસેવા, યાતાયાત, ટપાલસેવા વગેરે નાણાંથી ખરીદીને સૌએ લેવાની, કશું મફતમાં નહીં મળે. કશાયમાં સરકારી સેવા જ નહીં હોય.

આ બધી અદ્ધરતાલ વાતો નથી. ફિનલેન્ડ નામના યુરોપના એક દેશમાં આવી નીતિ આ પદ્ધતિથી આજે ચાલી રહી છે. ત્યાં દરેકના ખાતામાં સરકાર તરફથી ૫૦૦ યુરો નિયમિત જમા થઈ જાય છે, કોની કેટલી જરૂરિયાત તેવું કોઈને પૂછતા નથી. કહેવાય છે કે ફિનલેન્ડ દેશમાં સૌને જરૂર પૂરતી આવક છે. દેશમાં કોઈ બેકાર કે ગરીબ નથી એવું સમજવાનું.

આવા ભાવિમાર્ગ પર આજે દુનિયા ડગ ભરી ચૂકી છે. આજે ફિનલેન્ડ તો કાલે માયલેન્ડ....! આજીવિકા માટે શ્રમની કોઈ જરૂર નથી તેવું આજની પેઢી સમજતી જાય છે. તો હાથમાં કામ વિના એ નાગરિકો તેમનાં જીવન, તેમનો સમય કેવી રીતે વિતાવે છે, તે વિચારું છું. નવરા બેઠા પાગલ તો થતાં નથી ને? જાત પૂછે છે કે આનો શું જવાબ? જેમ ચાલે છે તેના ભોગ બનો, કે જે ચાલી રહ્યું છે તેને અપનાવી લો, તેમાં એડ્જસ્ટ થાઓ કે જે હાનિકારક લાગે તેને અટકાવો અને તેનો વિકલ્પ સાધો. શું જવાબ છે આપણો?

— ઈ.

❑

## અને અમે ભાવવધારો કરાવ્યો

માથોડા કામદાર સુશીલાબેન ઠાકોર અને તેમના પતિ અજમલભાઈ જુમાણી માર્કેટ, કાલુપુર કોટની રાંગ, અમદાવાદમાં પાંચ પેઢીથી પાર્સલ સિવીને ટ્રાન્સપોર્ટમાં નાખવાનું કામ કરે છે. તેમના શેઠ તેમને ભાવ ઓછો આપતાં હતા. પાર્સલ ટ્રાન્સપોર્ટમાં નાખવાના રૂ. ૫૦/- ભાવ છે તેની જગ્યાએ ૩૫/- રૂપિયા આપતાં હતાં. રોજનાં ૧૭થી ૨૦ પાર્સલ હોય આશરે ૯૫થી ૧૦૦/- રૂ. ઓછી મજૂરી મળે તે અંગે હું, સોનલબેન અને શાનુબેન, શેઠ અને તેમના બે દીકરાઓને રૂબરૂ મળ્યાં. પાંચકૂવા મહાજને જે ભાવવધારો કર્યો હતો તે લિસ્ટ બતાવ્યું તેમ છતાં માને નહીં તેથી અમને સફલ-૨, સફલ-૩, બી.બી.સી. માર્કેટમાં મજૂરો તેમજ શેઠ સાથે સ્પીકર ફોન દ્વારા ભાવ અંગે ચર્ચા કરી તેથી શેઠને સમજાયું કે, તેઓ ખરેખર ઓછો ભાવ આપે છે તેથી તેમણે રૂ.૩૫/-ની જગ્યાએ રૂ.૪૦/- ભાવ આપવા સંમત થયા. આમ, બહેનોને રોજના ૧૦૦/- રૂ. ભાવવધારો મળતો થયો અને સાથે એમ પણ નક્કી થયું કે વર્ષ-૨૦૨૨માં ભાવવધારો જે થશે તે મુજબ 'ભાવ' આપવો પડશે. આમ, મજૂર અને માલિકના 'ખાટા થયેલા મન'ના સમાધાન થયા અને 'ચા' પીને છૂટા પડ્યા.

— કૈલાસ

❑

## મહામારીના ભય વચ્ચે બાળકોમાં પ્રકાશ પાથરતી શિક્ષણની કેડી!

બાળકોના શિક્ષણના ઇતિહાસમાં આ છેલ્લા પોણા બે વર્ષ ભારતના સંદર્ભમાં જોઈએ તો ખરેખર એક દુ:સ્વપ્ન જેવાં લાગે છે. જ્યાં લોકો પાસે બે ટંક ખાવાના ફાંફાં હોય ત્યાં આ ઑનલાઇન શિક્ષણ મેળવવું એ લોઢાના ચણા ચાવવા જેવું જ હતું. પરંતુ એક બાજુ કોરોનાનો ભય અને બીજી બાજુ બાળકોનું ભણતર ન બગડે એ માટે દરેક વર્ગના મા-બાપે આ નવી ટેક્નૉલોજી સાથે શિક્ષણને ચાલુ રાખવા આર્થિક અને માનસિક રીતે પણ ઘણો સંઘર્ષ વેઠ્યો. વળી, શ્રમજીવી વર્ગ માટે તો આ શિક્ષણ કપરાં ચડાણ સમું હતું. જેના વિશે અગાઉના અનસૂયામાં આપણે નોંધ લીધી જ છે. કોરોનાના કેસ ઓછા થયા છે પણ હજી તે સંપૂર્ણપણે આપણી આસપાસથી ગયો નથી અને અધુરામાં પૂરું બાળકોને તો કોરોનાની રસી પણ હજી સુધી મળી નથી.બીજી બાજું દિવાળી પછી શાળાઓ શરૂ કરવામાં આવી છે અને ધીરેધીરે બાળકો શાળાએ જતાં થયા છે. મનમાં પ્રશ્ન થયો કે આટલા સમય ઘરે રહ્યા પછી બાળકોને શાળાએ જવું, એક જગ્યાએ સ્થિર બેસી રહેવું, ફરીથી પોતાનો ડર બાજુએ મૂકી મિત્રો સાથે હળવુંમળવું, મોબાઈલની સ્ક્રીનથી પાછા કાળા પાટિયા ઉપર ચોક વડે લખાતા અક્ષરો સાથે દોસ્તી કરવી કેવી લાગતી હશે? અને શું મા-બાપને બાળકને શાળાએ મોકલતા કોરોનાનો ભય સતાવે છે?આ વિશે ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના સભ્ય બહેનો અને તેમના બાળકો સાથે આગેવાન બહેનોએ સંવાદ કરી તેમનાં મનની વાત જાણવા પ્રયત્ન કર્યો.

### ગાંધીનગર જિલ્લો

બાળકો આટલા દિવસ ઑનલાઈન શિક્ષણ મેળવવા છતાં પણ આમ જુઓ તો શિક્ષણથી વંચિત જ રહ્યા. હવે બાળકોનું ઓફલાઈન શિક્ષણ ચાલુ થયું છે ત્યારે જિલ્લાના ગામોના લગભગ ૯૦ ટકા બાળકો શાળાએ જવા માંડ્યા છે. થોડા ઘણા બાળકો નથી જતા કારણકે તેમના માતા-પિતાને એવો ડર છે કે કોરોના થશે તો શું કરીશું? વળી, નિશાળમાં વાલીઓ પાસે એવી બાંહેધરી લેવામાં આવી છે કે બાળકને જો કશું થશે તો શાળા કે શિક્ષક તેના

જવાબદાર નહીં ગણાય. કેટલાંક મા-બાપને આના કારણે પણ મનમાં ખચકાટ રહે છે.

શેરથા ગામના કુંવરબેનને તેમના બાળક વિશે પૂછ્યું, તો તેમણે કહ્યું બેન બે વર્ષથી છોકરા ઘરમાં રહીને કંટાળી ગયા હતા અને બળ્યું આ મોબાઇલનું શિક્ષણ છોકરા ભણ્યા કે ગેમ રમ્યા શી ખબર! આ નિશાળો ખૂલી એ સારું થયું. હવે તો છોકરા ભણવા જાય છે. છોકરા શાળાએ જશે એટલે બીજા બાળકોને મળશે, રમશે અને કંઈક તો શીખશે!

## છોટાઉદેપુર જિલ્લો

મારું નામ રેખાબેન હરેન્દ્ર સિંહ પરમાર છે. હું છોટાઉદેપુરના પાણેજ ગામની રહેવાસી છું. હું એક ખેતમજૂર છું અને સેવા સાથે ૧૫ વર્ષથી સભ્ય તરીકે જોડાયેલી છું. ૨૦૨૦ માં કોરોનાની મહામારી આવી ત્યારે શાળાઓ બંધ થઈ ગઈ હતી. મારી બે દીકરીઓના ભણતર ઉપર તેની ખૂબ અસર થઈ. શરૂઆતના છ-સાત મહિના પછી ગામમાં શિક્ષકો ભણાવતા હતા પણ તે સમયમાં બાળકો ગુણવત્તાવાળું શિક્ષણ મેળવી શક્યા નથી. હવે જ્યારે શાળાઓ ખૂલી છે ત્યારે બાળકોને સામાન્ય પ્રશ્નો પણ પૂછવામાં આવે તો જવાબ આપવામાં ખૂબ તકલીફ પડે છે. જાણે બધું ભૂલી ગયા હોય એવું લાગે છે. તેમનો પાયો પાકો કરવાની જરૂર લાગે છે. બીજી બાજુ જોઈએ તો મહામારી હજુ જતી રહી નથી. આવા સમયમાં શિક્ષકો બીજા શહેર કે ગામમાંથી મુસાફરી કરીને આવે છે તો આ મહામારી બાળકો સુધી ના ફેલાય તેનો પણ મનમાં સતત ભય રહે છે. આવી પરિસ્થિતિમાં એક માતા તરીકે બાળકની પ્રગતિની સાથેસાથે સ્વાસ્થ્ય સાચવવું પણ મહત્ત્વનું લાગે છે.

## બનાસકાંઠા જિલ્લો

પાટણ જિલ્લાના જયા સાધુ કહે છે કે આટલા સમય પછી બાળકોની સ્કૂલ ચાલુ થઈ ત્યારે પહેલાં તો વાલી માંડમાંડ કરીને બાળકોને બધી તૈયારી સાથે મોકલતાં થયા છે. નાના બાળકોનું મન હજી લાગતું નથી કારણ કે બાળકોને પહેલાંની જેમ રહેવા કે બેસવા પણ મળતું નથી એટલે બાળકોને એકલતાનો અનુભવ થાય છે. શાળામાં બાળકોને માસ્ક અને સેનિટાઇઝરનો ઉપયોગ કરાવે છે. વળી, બાળકોને એકબીજાથી દૂર બેસાડે છે. હજી બાળકો નિયમિત રીતે શાળાએ જતા નથી અને પહેલાંની જેમ હરખથી સ્કૂલમાં આવતા નથી.

ઘરેથી માતા-પિતા શાળાએ મોકલે તો છે પણ ડર પણ લાગે છે કે અમારા બાળકોને કોરોના થશે તો અમે ખર્ચા ક્યાંથી કરીશું? શરૂઆતના વીસેક દિવસ તો બાળકો શાળાએ ગયા જ નહીં.

મારું નામ કાજલબેન રામજીભાઈ પરમાર છે. હું ગરામડી ગામમાં રહું છું. મારી માતાનું નામ રૈયાબેન છે હું ધોરણ પાંચમાં અભ્યાસ કરું છું. લગભગ બે વર્ષ ઘરે રહ્યા પછી સ્કૂલ ચાલુ થઈ ત્યારે શરૂઆતમાં મને બહુ જ કંટાળો આવતો હતો અને સાથે-સાથે કોરોનાનો ડર પણ લાગતો હતો. મારા માતા-પિતા મને સ્કૂલે મોકલવા ડરતા હતા. હું માસ્ક અને સેનિટાઇઝરનો ઉપયોગ કરું છું અને વારંવાર હાથ ધોઉં છું તેથી મારા વાલી મને શાળાએ મોકલે છે. હાલ મને શાળાએ જવાનું બહુ જ ગમે છે. બેનો ભણાવવાની સાથે ખૂબ સરસ રમતગમત કરાવે છે. હું ભણીશ અને ખૂબ આગળ વધીશ.

મારું નામ ઠાકોર રીનીબેન શોભાજી છે. કાંકરેજ તાલુકાના ઉણ ગામમાં રહું છું. હું ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું.

કોરોનાની બીમારીને કારણે ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. અમારી શાળાઓમાં ૭૦ ટકા જેટલો જ અભ્યાસક્રમ ચલાવવામાં આવ્યો હતો. દિવાળી પછી શાળાઓ ચાલુ થઈ તો અમને ભણવામાં બહુ મજા આવે છે. ઑનલાઇનમાં નેટવર્કની ખૂબ તકલીફ રહેતી. સમજવામાં પણ મુશ્કેલી પડતી હતી. હવે વર્ગમાં વધુ સમજ પડવા લાગ્યું છે. શાળામાં સોશિયલ ડિસ્ટન્સનાં કેટલાક નિયમોનું પાલન કરાવવામાં આવે છે જેમકે,

- ક્લાસમાં કોઈની સાથે હાથ મિલાવવો નહીં.
- શાળામાં દાખલ થઈએ ત્યારથી લઈને જ્યાં સુધી છૂટીએ નહીં ત્યાં સુધી ફરજિયાત માસ્ક પહેરવાનું.
- ઘરેથી જ પાણીની બોટલ અને નાસ્તો લઈ જવાનો.

અભ્યાસ સારો ચાલે છે પણ કોરોનાની ત્રીજી લહેર આવશે તો તેના ડરથી ઘરના સભ્યો શાળાએ મોકલતા ગભરાય છે.

## આણંદ જિલ્લો

મારું નામ રાજવી ડાભી છે અને મારી મમ્મીનું નામ દર્શના છે. મારી મમ્મી મોજા બનાવવા જાય છે. હું પેટલાદ ગામમાં બુલાખી ચાલીમાં રહું છું. બે વર્ષ કોરોનાને કારણે વૅકેશન જેવું રહ્યું. મારે હવે શાળાએ જવું પડે છે. જે મને ગમતું નથી. અંગ્રેજી, ગણિતના દાખલા બધું ભૂલી ગઈ છું. મમ્મી શીખવાડે છે પણ આવડતું નથી એટલે મમ્મી શિક્ષા કરે છે. સ્કૂલમાં બહુ લેસન આપે છે. મને લખવું ગમતું નથી. શાળામાં રહેવું ગમતું નથી કારણકે મારી કોઈ બહેનપણી નથી.

## કચ્છ જિલ્લો

લખપત તાલુકાના નવાનગર ગામના રેખાબેન સવાઈએ જણાવ્યું કે મારી દીકરી બીજા ધોરણમાં છે. કોરોનાના સમયગાળામાં તે આખો દિવસ ઘરમાં બેસીને ટીવી જોયા કરતી અને મોબાઇલ મચડતી. તેના સ્વભાવમાં ખૂબ ચીડિયાપણું

આવી ગયું હતું. માતા-પિતા તરીકે અમને સતત તેના અભ્યાસની ચિંતા રહેતી. હાલમાં શાળાઓ ચાલુ થઈ એટલે મારી દીકરી પણ જતી થઈ છે. આખો દિવસ શાળાએ જાય છે અને સાંજે લેસન કરે છે. હવે તેને મોબાઇલ અને ટીવી જોવાનો સમય જ મળતો નથી.

ખોખર રાજેશ ધોરણ ૯માં અભ્યાસ કરે છે તે જણાવે છે કે કોરોના સમયે મને ઑનલાઇન ભણવાની મજા આવતી જ ન હતી. ગુસ્સો આવતો અને ચીડિયાપણું થતું. મારી પાસે મારો પોતાનો ફોન ન હતો એટલે ભાઈબંધના ઘરે જઈને ભણવું પડતું. સરખું ધ્યાન અપાતું નહીં અને સમય વેડફાઈ જતો. નવો ફોન લીધો પણ મને તેમાં ઝાઝી સમજ પડતી નહીં. હું ફક્ત કાર્ટુન જોવા લાગ્યો. શાળા ચાલુ થઈ છે તો ફરી પાછું ધ્યાન ભણવા તરફ વળ્યું છે.

### મહેસાણા જિલ્લો

બગીચાના ફૂલો પાછા હવે હસતા-રમતા થઈ ગયા છે. કોરોનાના કપરા સમય પછી હવે થોડા અંશે રાહત મળી છે છતાં મનમાં સતત એક ભય રહ્યા કરે છે. પણ સવાલ એ છે કે ક્યાં સુધી ઘરમાં બેસી રહેવું? ઑનલાઇન શિક્ષણમાં ઘણા મા-બાપને ખરેખર બાળક શું કરે છે એની ખબર જ ન હતી. તેવામાં આટલા સમય પછી શાળા ખૂલી છે ત્યારે વાલી ખુશ, વિદ્યાર્થીઓ ખુશ, સરકાર ખુશ પણ શિક્ષકો થોડાં નાખુશ કારણકે આ બધી કાચી ઈંટોના ચણતર પર બહુમાળી ઇમારત કેમ કરી બનશે? બાળકને નજર સમક્ષ રાખી ભણાવવું અને શિસ્તમાં રાખવું અઘરું છે. બાળકો ઘરે રહીને ભણ્યા કે ન ભણ્યા તે દરેક જાણે આજે કોરી સ્લેટ જેવા બની ગયા છે. શાળામાં દરેક પ્રકારની સેફ્ટીનું ધ્યાન રાખવામાં આવે છે. બાળકોની પાટલીઓ વચ્ચેનું અંતર જાળવવાથી લઈ ફરજિયાત માસ્ક અને સેનિટાઇઝરના ઉપયોગ સુધી બધું જ પાળવામાં આવે છે.

હજુ અમુક માતા-પિતા બાળકને શાળાએ જવાની છૂટ નથી આપી રહ્યાં કેમકે હજુ પણ તેમને ડર છે કે તેમનું બાળક ક્યાંક બહાર જશે તો કોરોનાની ઝપેટમાં આવી જશે. વળી, જે મોકલે છે તે બાળકને ઘરે આવી તરત ગરમ પાણીથી નહાવા અને કપડાં ધોઈ નાખવાની ફરજ પાડે છે. જેથી કોઈપણ ચેપ લાગ્યો હોય તો તે ઘરમાં આવે નહીં અને અન્ય સભ્યો પણ સચવાઈ જાય. શાળામાં સાવધાની સાથે ફક્ત ૫૦ ટકા છોકરાઓને જ અડધા દિવસ બોલાવે છે અને બીજા બાળકોને અન્ય દિવસોમાં બોલાવે છે. ટૂંકમાં બાળકોને દિવસ પ્રમાણે વહેંચી દેવામાં આવે છે. કોરોના સાથે ચાલવું એ હવે દરેક વ્યક્તિ માટે પડકાર બની ગયો છે જો આપણે અમુક સાવધાની રાખીએ તો આપણા બાળકો ભણી પણ શકે અને સ્વસ્થ પણ રહી શકે.

❑

# બાળકોને શાળામાં ભણવા તો મોકલીએ છીએ પણ કોરોનાનો ડર હજુ પણ છે – અમદાવાદ શહેર

બાપુનગર, ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતાં ભાવનાબેન રાજપૂત, તેમની દીકરી જલક જે ૭માં ધોરણમાં ભણે છે. છેલ્લા દોઢ વર્ષથી ઘરે બેસીને ઑનલાઇન ભણતી હતી. જે હમણાં દિવાળી પછી શાળા શરૂ થઈ અને રાબેતા મુજબ શાળામાં ભણવાનું શરૂ થયું છે.

તેઓ કહે કે, ‘મારી દીકરીને હું આ અઠવાડિયેથી જ શાળાએ મોકલું છું. એને શાળામાં જવું બહુ ગમે છે. હું એને માસ્ક પહેરાવીને જ શાળાએ મોકલું છું. જ્યારે મોબાઇલમાં ઓનલાઇન ભણતાં હતાં તેના કરતાં શાળામાં બેસીને ભણે તે વધારે સારું, કેમ કે શિક્ષકની સામે બાળકો પૂરું ધ્યાન આપીને ભણે છે. શાળામાં જ્યારે શિક્ષક ભણાવતાં હોય તો કદાચ જો બેબીને ના સમજ પડે તો એ ફરીથી પૂછીને સમજે છે. બેબી શાળાએ જઈને બહુ ખુશ રહે છે. બે વર્ષ પછી શાળાએ ભણવા જવામાં બેબીને કોઈ તકલીફ નથી.’

દીકરી જલક કહે છે, ‘મારી સ્કૂલમાં શિક્ષક બહુ સારી રીતે અમને ભણાવે છે અને બધા વિદ્યાર્થીઓને બહુ જ પ્રેમથી ના આવડે તો વારંવાર શીખવે છે એટલે મને સ્કૂલે જવું બહુ ગમે છે.’

બેબીને શાળાએ જતી જોઈને દીકરો જે બીજા ધોરણમાં ભણે છે તે પણ શાળાએ જવાની જીદ કરે છે. પણ, દીકરો નાનો છે. અત્યારે શિયાળાની સિઝનમાં ઠંડી વધે એટલે એ તો તરત જ બિમાર થઈ જાય છે એટલે મને વધારે ડર લાગે છે કે એને કોરોના ના લાગી જાય એટલે હું એને શાળાએ નથી મોકલતી. એના ટીચર ઑનલાઇનમાં લેસન મોકલી આપે તે હું એને બેસાડીને શીખવું છું.

ભાવનાબેનની સાથે રહેતાં તેમના દેરાણી નીતુબેન રાજપૂત જેમનો દીકરો પહેલાં ધોરણમાં ભણે છે. જેને નીતુબેન શાળામાં ભણવા મોકલે છે. તેઓ કહે, શાળા તો દિવાળી પછી રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે, પણ પહેલા અને બીજા ધોરણમાં ભણતાં બાળકોને અઠવાડિયામાં બે દિવસ જ મોકલવાના એવું કહ્યું છે. એટલે હું પણ મારા દીકરાને બે દિવસ શાળાએ મોકલું છું. પણ મને હજુ ડર લાગે છે કે વળી, આ કોરોનાના સકંજામાં ક્યાંક મારો દીકરો ના આવી જાય! કેમ કે, મારા ઘરમાં મારી બે નાની જોડકી દીકરીઓ છે અને મારા સાસુ-સસરા જેઓ વૃદ્ધ છે. ઘરમાં એકને પણ કોરોના લાગે તો આખા ઘરનાને બધાંને હેરાન-પરેશાન કરી દે.

દક્ષાબેન જીવણભાઈ ઠક્કરબાપાનગરમાં રહેતાં ઘરખાતા કામદાર છે જેઓ ડ્રેસમાં સ્ટોન લગાડવાનું કામ કરે છે. તેમના ત્રણ બાળકો છે. મોટો દીકરો ૧૨મા ધોરણમાં ભણે છે, દીકરી ૯મા ધોરણમાં અને સૌથી નાનો દીકરો ૮મા ધોરણમાં ભણે છે.

સાચું કહું તો મને તો આ મોબાઇલના ખર્ચા જ નથી પોસાતા. ઘરમાં એન્ડ્રોઇડ મોબાઇલ બે જ છે. એનું નેટનું બેલેન્સ કરાવવું પડે ત્યારે બાળકો ભણી શકે. એમાં ત્રણેયને ઑનલાઇન ભણવાનું ચાલતું હતું તે ઘરમાં ઝઘડા-ઝઘડી ચાલતાં. પેલો કહે મારું લેક્ચર ચાલે છે તું મને મોબાઇલ આપ, તો પેલી કહે, મારે હજુ બાકી છે, તો વળી, નાનો તો રડીરડીને મોબાઇલ માંગે. પણ શું થાય જેમતેમ કરીને અત્યાર સુધી મોબાઇલમાં ભણવાનું કરાયું છે. હવે હાશ થઈ કે દોઢ વર્ષે શાળા ખુલી તે શાંતિ થઈ. હવે છોકરાઓ સારી રીતે શાળામાં શિક્ષકોની સામે બેસીને ભણી શકશે.

૧૨મા ધોરણમાં ભણતો નિકુલ કહે, ‘મારી સ્કૂલ જુલાઈ-ઑગસ્ટ મહિનાથી શરૂ થઈ ગઈ છે પણ ઘણાં છોકરાઓ હમણાં સુધી સ્કૂલે આવ્યાં નહોતાં હવે જતાં-આવતાં થયા છે. અમારા ટીચર અમને બહુ સારી રીતે ભણાવે છે એટલે મને સ્કૂલમાં આવીને ભણવામાં મજા આવે છે. અને હા બીજું કે, મારા સ્કૂલના ભાઈબંધો સાથે બેસીને ભણવાની બાબતની ચર્ચા અને રમવાનું ભુલાઈ ગયું હતું એ ફરી બધા સાથે મળ્યાં છીએ એટલે વધુ મજા આવે છે સ્કૂલમાં.’

નાનો યશ કહે, ‘મને તો સ્કૂલે જવું નથી ગમતું. વળી, સવારે વહેલા ઊઠીને નાહવાનું અને તૈયાર થઈ સ્કૂલ જવાનું એટલે બહું કંટાળો આવે છે.’

૧૨ ધોરણમાં ભણતી દીયા કહે, ‘હું તો ૧૦ ધોરણ સુધી ગાંધીનગર ગુરુકુલમાં ભણતી હતી ને ૧૦મા ધોરણની પરીક્ષાના છેલ્લા દિવસોમાં કોરોના આવ્યો તો ત્યાર પછીથી ઘરે જ હતી. ૧૧મા ધોરણ સાયન્સમાં ઘરથી થોડે નજીકની સ્કૂલમાં એડ્મિશન લીધું. ૧૧મા ધોરણનું ભણવાનું ઑનલાઇન ભણાવતા હતાં એટલે બહું અઘરું પડતું હતું. એમ કહું કે, સાવ જ ના ભણ્યા જેવું ભણતાં હતાં. ૧૨માં સ્કૂલો ચાલુ થઈ ને સ્કૂલમાં આવીને ભણીએ છીએ ત્યારે ખબર પડે છે અમારું તો બહુ જ નુકશાન થયું છે ઑનલાઇન ભણવામાં.’

સ્કૂલે આવ્યાને તરત જ અઠવાડિયે ને અઠવાડિયે પરીક્ષા લેવા માંડ્યા છે. પરીક્ષામાં માર્ક ઓછા આવે છે એટલે સ્કૂલમાં ટીચર પણ લડે છે કે કેમ આવું પરિણામ? પછી ઢગલાને ઢગલા લેસન આપે છે. લેસન કરતાંકરતાં થાકી જવાય છે, ત્યારે બહુ અઘરું લાગે છે. ત્યારે એમ લાગે છે કે, આ ઑનલાઇન ભણવા કરતાં રેગ્યુલર સ્કૂલમાં ભણવાનું હોત તો બહું સારું થાતું. આ મારા માટે બહું અઘરું લાગે છે. અમારા સાહેબ બહુ સારી રીતે સમજાવીને ભણાવે છે. એટલે ભણવાની મજા આવે છે. થોડી વાર લાગે છે પણ ધીરેધીરે બધું સારું થઈ જશે. સ્કૂલમાં બીજા છોકરાઓ પણ સારી રીતે હળીમળીને ભણે છે. કેમ કે બધાને એવું જ કે ક્યારે આ કોરોના પાછો વળી આવશે તો અમારી સ્કૂલ પાછી ઑનલાઇન થઈ જશે.

થોડો થોડો ડર અમને પણ લાગે છે કેમ કે, આ રોગ તો સાથે મળીને બેસવાથી અડવાથી લાગે છે અને વળી, સ્કૂલમાં બધાં બાળકો એકબીજા સાથે ટોળાં વળીને જ બેઠા હોય. અમારે તો સ્કૂલનો સમય પણ સવારે ૮થી ૩.૩૦ વાગ્યા સુધીનો છે એટલે અમે બધા ટિફિન પણ લઈને જઈએ છીએ. હવે ઘણાં છોકરાઓ સમજીને છેટા બેસતાં જમતા હોય છે. અને ઘણાં તો એકબીજાના ટિફિનમાંથી લઈને જમતાં હોય એટલે એકબીજાનો વાઇરસ પણ લાગવાનો ડર રહે છે.

સરસપુર વિસ્તારમાં સિલાઈ કામ કરતાં સંગીતાબેન કહે, ‘મારું ઘર બહુ નાનું છે, મારે આખો દિવસ મશીન પર સિલાઈનું કામ ચાલતું હોય ને છોકરાઓને ભણવાનું હોય એટલે બહુ તકલીફ પડતી હતી. મને પણ છોકરાઓનું ભણવાનું ઑનલાઇન ચાલતું હતું એટલે બહું ચિંતા થતી કે, મારા કામને લીધે એમને ભણવામાં તકલીફ તો નહીં થાય ને. હવે કામ કર્યા વિના પણ ના ચાલે ને! બીક રાખીને ક્યાં સુધી ઘરમાં બેસી રહે છોકરાઓ? શાળામાં સાહેબ સામે હોય તો છોકરાઓ સારી રીતે સમજીને ભણી શકે. જ્યારે ઘરે તો મોબાઇલમાં ઑનલાઇન ભણવાનું ચાલુ હોય પણ છોકરાઓ બેધ્યાન થઈ જતાં હોય છે. એટલે હવે નિરાંત થઈ કે છોકરાઓને ભણવામાં ધ્યાન તો રહેશે.’

૮મા ધોરણમાં અભ્યાસ કરતી વિધિ કહે, ‘મને તો એક તકલીફ પડે છે, સવારે વહેલા ઊઠીને નાહીધોઈ ને તૈયાર થઈ નાસ્તો કરી ૭ વાગ્યે સ્કૂલે જવા નીકળી જવાનું એટલે બહું અઘરું પડે છે. ૭ ધોરણ સુધી મારી સ્કૂલ બપોરની હતી એટલે મજા પડતી. અમારી સ્કૂલમાં અમારા ટીચર બહુ ધ્યાન રખાવે છે. સ્કૂલમાં બધાં છોકરાઓને ભેગાં નથી થવા દેતાં અને બધાં સાથે બેસીને નાસ્તો પણ નથી કરવા દેતાં, એ પણ અમને નથી ફાવતું.’ પછી વિચારું કે અમારા ટીચર અમારા માટે જ કહેતાં હશે ને! હમણાં જ કોરોના જેવાં રોગે આખી દુનિયામાં હાહાકાર મચાવી દીધો છે. હજુ બાકી હતું તે એમિક્રોન વાઇરસ પણ આવ્યો છે એટલે એક રીતે માંડ સ્કૂલો ચાલુ થઈ છે, તો વળી આ રોગ ચાલશે તો પાછું અમારું ભણવાનું બગડશે એટલે બધાંને ડર તો લાગે ને!!

**— સંકલનઃ ગોમતી, મહાશ્વેતા**

❑

# આપણાં વિચારોને વિસ્તૃત બનાવતાં સેવાનાં સભ્યો....

આપણા સભ્યો સાથે થતી મુલાકાતો મને હંમેશા ઊંડા વિચારો ભણી લઈ જાય છે. તેમની બધાની સાદગી માર્મિક છે પણ એમની તાકાત પ્રેરણાદાયક છે, એમની જરૂરિયાતો બુનિયાદી છે પણ

સામે તેમનો સંઘર્ષ એટલો જ પીડાદાયક છે. બહેનો તેમની દરેક પ્રકારની ભાવનાઓને અજાણતાં જ આપણી નજર સમક્ષ લાવીને મૂકી દે છે. મને એ વાતનો ખૂબ આનંદ અને સંતોષ છે કે દરેક સભ્યને મળીને ઘણું બધું શીખવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.

ઓરિસ્સાનો અનુભવ જણાવું તો ત્યાં ઉનાળાની એક બપોરે મારી મુલાકાત એક ગરીબ ઘરડા બેન સાથે થઈ. તેમણે બ્લાઉઝ વગર ખૂબ સરસ રીતે સાડીને પોતાના શરીર ઉપર પહેરી હતી. તેમની સાદગી મને સ્પર્શી ગઈ એટલે હું તેમની પાસે ગઈ અને તેમને પૂછ્યું કે શું હું તમારો ફોટો પાડી શકું? મારી આ વાત સાંભળતાની સાથે જ તેઓ ઝટપટ ત્યાંથી ચાલ્યા ગયા. મને તેમના આવા વર્તનથી આશ્ચર્ય થયું. મને મનમાં થયું કે ક્યાંક મેં એમને નારાજ કરી દીધા હતા અને એ વાતથી જ દુઃખી થઈને હું પરત ફરી રહી હતી ત્યાં જ મેં જોયું કે તેઓ પોતાની ગાયને ખેંચીને મારી તરફ લઈને આવી રહ્યા છે. એમને ફરી પાછા આવતા જોઈ મને આશ્ચર્ય સાથે આનંદ પણ થયો. તેમણે હસીને મને ઇશારો કર્યો કે હું તેમનો ફોટો તેમની ગાયની સાથે જ લઉં. પોતાની વહાલી ગાય સાથે ફોટો પડાવવાનો આનંદ તેમના ચહેરા ઉપર છલકાઈ રહ્યો હતો. તેમને આ ફોટાની નકલ લેવામાં પણ કોઈ રસ નહોતો પણ ફક્ત એમની ગાયનો ફોટો પડ્યો એનો ખૂબ આનંદ હતો. સેલ્ફીના જમાનામાં તેમની સાદગીએ મારા હૃદયને સ્પર્શી લીધું. ખરેખર એક ગરીબ બેન માટે ગાય એની સૌથી સારી દોસ્ત, સંપત્તિ અને પરિવારના એક સભ્ય જેવી જ હોય છે તે મેં એ ક્ષણે અનુભવી લીધું.

અલમોડાનાં એક નાનકડા ગામમાં એક સભ્યએ પહાડો કે જે તેમને ફળો અને શુદ્ધ હવા આપે છે તેનાં વખાણ કરતું એક ગીત ગાવા માંડ્યું. તેઓ ગાતા જતાં હતા અને સાથેસાથે પાહાડોની પ્રશંસા કરતાં જતાં હતાં કે કેવી રીતે પહાડો દ્વારા તેમને વિવિધ પ્રકારના ફળો અને પોષણ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મળ્યું છે. તેમણે કહ્યું કે પહાડ તેમને જાણે સ્વર્ગમાં રહેતા હોય તેવો અહેસાસ કરાવે છે તે વાત મને બહુ ગમી ગઈ. પહાડ દ્વારા મળેલી આ ભેટના કારણે તેઓ પહાડોની રક્ષા કરવા કટિબદ્ધ છે અને પોતાનાં કુદરત સાથેનાં આ ઋણાનુબંધને ખૂબ નિભાવી જાણે છે. એક ગરીબ બેન માટે પાણીનું એકએક ટીપું, જમીનનો દરેક ઇંચ ટુકડો, તાજી હવાનો દરેકેદરેક શ્વાસ તેમનામાં એક જવાબદારીની ભાવના ઊભી કરે છે કે આ બધી કુદરતી સંપત્તિ ખપ પૂરતી જ વાપરવી અને એનો ખોટો બગાડ તો ન જ કરવો. પર્યાવરણના સંરક્ષણ માટે આપણે બધા ઘણા ઊંચા સ્તરે ચર્ચાઓ કરીએ છીએ પણ આપણે જોઈએ છે કે ખરેખર તો આપણી ગરીબ મહિલાઓ જ તેનો ખરેખર ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રહી છે. પોતાનાં પહાડો, જંગલો અને જમીન સાથે જોડાયેલી આ બહેનો તેમને સાચવવાનાં દરેક પ્રયત્નો કરે છે.

બંગાળમાં એક ઘટનાએ મને ખૂબ દુઃખી કરી દીધી. બહેનોની જોડે તેમના વિસ્તારોમાં થતી મિટિંગોમાં અમે સભ્યો માટે નાસ્તાની વ્યવસ્થા કરીએ છીએ. તેમાં ઘણીવાર જોવામાં આવે છે કે બહેનો એમને આપેલા નાસ્તાને બધાથી નજર બચાવીને પોતાની સાડીના પાલવમાં સંતાડી દે છે અને પોતાને ઘરે લઈ જાય છે. એકવાર આવી જ એક મિટિંગ દરમિયાન મેં બહેનોને કહ્યું કે તમે મીઠાઈ તો ખાઈ લો! મારા આગ્રહને કારણે તેમણે બધાએ મીઠાઈ તો ખાધી પણ મને લાગ્યું કે એક બહેને મીઠાઈ મોઢામાં મૂકીને પાછી કાઢી અને પોતાનાં પાલવમાં સંતાડી દીધી. કદાચ એ બહેનને ખબર જ નહોતી કે મેં તેમને આવું કરતાં જોઈ લીધા છે. પછીથી અમે તેમને ઘરે લઈ જવા બીજી મીઠાઈ આપી અને તે ઘડીએ અમારી બધાની આંખોમાં આંસુ આવી ગયા.

ગામમાં જવાનો સૌ પ્રથમ મોકો મને ૨૦૦૫ની સાલમાં મળ્યો. બિહારનાં મુંગેર જિલ્લાની ખેડૂત બહેનો સાથે તેમના ઘરે જઈને મુલાકાત કરી હતી. મુલાકાત બાદ પાછા જવા અમે જીપમાં બેઠા ત્યાં જ એક બહેન બૂમો પાડતી અમારી જીપને રોકતી સામે આવીને ઊભી રહી ગઈ. મને મનમાં થયું કે કદાચ મેં તેનાં ઘરમાં કૈંક બગાડી તો નથી દીધું... મેં બેચેની સાથે તેની સામે જોયું. મને એની સાડીનાં પાલવમાં બે કાચીપાકી કેરીઓ દેખાઈ જે તે મારા માટે તોડીને લાવી હતી. મેં એ કેરીઓ લઈ લીધી તો એ ખૂબ રાજી થઈ ગઈ.

એ વખતે હું ‘સેવા’ અને આ બધી સભ્ય બહેનો માટે નવી હતી પણ બહેનોનાં સહજ અને સરળ સ્વભાવથી હું ખૂબ પ્રભાવિત થઈ જેણે મારી અંદર એક ઊંડી છાપ ઊભી કરી અને મેં મનમાં દ્રઢ નિશ્ચય કરી લીધો કે આ બહેનોનાં હિત માટે હું કૈંક સારું કરવાનાં સતત પ્રયત્નો કરતી રહીશ.

**- સંચિતા મિત્રા**

❑

# આંખોમાં પોલીસ થવાનું સપનું !

બિન હથિયાર પોલીસ સબ ઇન્સ્પેક્ટર વર્ગ ૩ની ભરતી મેળામાં ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો ગામેગામ ૧૨ પાસ ભણેલી દીકરીઓએ કોન્સ્ટેબલમાં ફોર્મ ભર્યા અને ગ્રેજ્યુએટ થયેલી દીકરીઓએ પી.એસ.આઇ.ના ફોર્મ ભર્યાં. જ્યાં પણ ગામડે સંગઠનના કામથી જઈએ ત્યારે ગામમાં અલગ અનેરો ઉત્સાહ જોવા મળે. જ્યાં પણ મિટિંગ કરીએ ત્યાં બધા બહેનો વાતો કરે મારી દીકરીએ ફોર્મ ભર્યું અને પહેલાં દોડવાની પરીક્ષામાં પાસ થાય પછી લેખિત પરીક્ષા આવશે.

દોડની પરીક્ષામાં પાસ થવા માટે રોજ સવારે ૪ વાગ્યે ઊઠી બધાં પ્રેક્ટિસ કરવા જાય, ગામના શિક્ષકો સવારે બધાને પ્રેક્ટિસમાં મદદ કરવા જાય, સાંજે પણ પ્રેક્ટિસ કરે.ગામેગામે ૧૦થી ૧૨

દીકરીઓ અને ૧૦થી ૧૨ દીકરાઓ તૈયારીમાં લાગ્યા છે. આ બધાં કોઈ બીજા નહીં પણ આપણા જ સંગઠન સાથે જોડાયેલાં સભ્ય બેહનોનાં જ બાળકો. આપણી બહેનો કે જેમને આપણે ૨૫ વર્ષથી દીકરા-દીકરીઓ વચ્ચેનો ભેદ ભૂલી જઈ બંનેવને એકસમાન સમજી તેમને ભણાવવા જોઈએ એવી વારંવાર અલગ-અલગ શક્તિ વિકાસની તાલીમો આપી હતી એ મહેનત જાણે ઊગી નીકળી હોય એવું લાગે છે. ખાસ વાલીઓને પ્રેરિત કરેલા કે જે દીકરીઓ ૭ ભણીને આગળ ભણવા ના જઈ શકે તેના માટે ટ્યૂશન કલાસ દ્વારા ૧૦ અને ૧૨ની પરીક્ષા અપાવવી. આજે એ જ દીકરીઓ અને દીકરાઓ પોલીસ કોન્સ્ટેબલ અને પી.એસ.આઇ.ની ભરતી માટે ફોર્મ ભર્યા એ જાણી ખૂબ જ આનંદ થાય છે.

જયારે મેં નિમકનગરનાં મીનાબેન વાજભાઈ કે જેણે પી.એસ.આઇ.નું ફોર્મ ભર્યું છે તેમને પૂછ્યું કે, 'તમે કેમ આ નોકરી માટે ફોર્મ ભર્યું ?' તો કહે, 'બેન હું ૧૨ પાસ થઈ પછી આગળ ભણવું નો'હતું. મારી બા કહે, મીના તું ભણ હું સેવામાં મિટિંગોમાં જાવ છું એટલે મને એવું થાય છે કે હું નથી ભણી પણ મારી દીકરીને ભણાવીશ અને તેમણે મને ભણાવી એટલે મને થયું કે સરકારી નોકરી લેવી છે. મારા બાપુ કાળી મજૂરી કરીને હેરાન થાય તોય મહિનો પૂરો થતાં ઘરમાં ખાવાનાં ફાંફાં પડે છે. સરકારી નોકરી હોય તો બાપુને મદદ કરું અને સાસરીએ જાવ તો ત્યાં પણ પગભર હોઉં તો ચિંતા તો નહીં..!'

આરતીબેન દિનેશભાઈ જસાપર કહે, 'પોલીસ કોન્સ્ટેબલમાં મહિલાઓની વધારે ભરતી થાય છે તો મને થયું હું ૧૦ પાસ છું તો ફોર્મ ભરું'.

કોમલબેન કુરિયા જે ધ્રાંગધ્રામાં રહે છે એ કહે, 'મને પોલીસનો ડ્રેસ પહેરવાનો બહુ શોખ છે એટલે મેં ફોર્મ ભર્યું.'

શારદાબેન ચૌહાણ સાપકડાના છે એ કહે, 'મેં ફોર્મ એટલે ભર્યું છે કે મેં જયારે સેવા સેતુ કાર્યક્રમમાં ધ્રાંગધ્રા સેવાની ઓફિસે ભાગ લીધો હતો ત્યારે તેમાં બેહનોને જે ઘરેલુ હિંસા થાય છે તથા ઘણીવાર કામ પર જાય ત્યાં એમની સતામણી થાય છે તે વિશે જાણેલું. તો મને મનમાં થયું કે હું પી.એસ.આઇ. બની તેને અટકાવું તો.!'

આમ આજથી ૨૫ વર્ષ પહેલાં જયારે સેવાનાં કામની શરૂઆત કરેલી ત્યારે ગામડાઓમાં કોઈ પોતાની દીકરીઓને ભણાવવા માંગતા નહીં તેના બદલે આજે ગામેગામે ૨૨થી ૨૫ દીકરીઓ ભણીને પોલીસ, નર્સિંગ ,કોમ્પ્યુટર ઓપરેટર જેવા ક્ષેત્રોમાં કામ કરતી થઈ છે તે બહુ ગર્વ અને ખુશીની વાત છે.

– હિના

❑

# શ્રમજીવી બહેન માટે પ્રેરણારૂપ વિમલાબેન

તા. ૨૭/૧૧/૨૦૨૧ના રોજ 'વિડિયો સેવા'ના આગેવાન વિમલાબેન બાબુભાઈને AMA સેન્ટર, અમદાવાદ ખાતે યોજાયેલ કેલિડોસ્કોપ નામના સેમિનારમાં ઓન્ટ્રેપ્રેનરશીપનો ઍવૉર્ડ મનીષા રાજીવ વકીલ (મહિલા અને બાળ કલ્યાણ વિભાગ) અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના હસ્તે આપવામાં આવેલ છે જે આપણા માટે ગૌરવની વાત છે. વિમલાબેન 'વિડિયો સેવા' સાથે ૨૦૦૭થી જોડાયા છે. આશાપુરીનગર, અમરાઈવાડી વિસ્તારમાં રહેતાં ૫૧ વર્ષનાં વિમલાબેન ૧૨ ધોરણ ભણેલાં અને સિલાઈકામ કરી કાપડની થેલી, ઓશીકાના કવર બનાવીને વેચાણ કરે છે અને સાથે-સાથે સાડીનું વેચાણ કામ કરે છે.




વિમલાબેન સેવા, સેવા-અકાદમી અને 'વિડીયો સેવા' મંડળી સાથે ૧૫ વર્ષથી જોડાયેલા છે. તેમને સેવા-અકાદમીની સંગઠન, સેવા-ચળવળ, સભ્ય-શિક્ષણ ઘરખાતા કામદાર, ડિસન્ટ વર્ક, સામાજિક મુદ્દા જેવી તાલીમો લીધી છે.

સેવા ફેડરેશનમાંથી તેમણે મંડળીમાં મિટિંગ મિનીટ્સ કેમ લખવી, મંડળીના ઉદ્દેશ, શેર હોલ્ડર બનાવવા, એકાઉન્ટ લખવા, જેવી તાલીમો લીધી છે. ડિઝિટલ માધ્યમનો ઉપયોગ કરીને ફોટોગ્રાફી, મીડિયા લિટરસી તેમજ કોમ્યુનિકેશન, સ્માર્ટ મોબાઇલ ઓપરેટીંગ વગેરે તાલીમો લીધેલ છે. આશાપુરીનગરમાં વિડિયો-સેવાના આગેવાન તરીકે કામ કરે છે. બહેનો અને કિશોરીઓને સેવા-અકાદમીની ઘણી તાલીમો આપાવી અને જુદા-જુદા વિડિયો રિપ્લે કરાવ્યા છે. સાથે-સાથે વિડિયો મંડળીમાં ૧૫૦ શેર સભાસદો બનાવ્યા છે.

વિમલાબેન એરિયાની માહિતી વિડિયો-સેવા સુધી અને વિડિયો-સેવાની માહિતી બહેનો સુધી પહોચાડવાનું કામ કરે છે.

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.

Ahmedabad P.S.O.
22-12-2021

વિમલાબેને સેવાબેંકમાં બચતખાતું ખોલાવ્યું અને પોતાના વિસ્તારમાં સાક્ષરતાના ક્લાસ પણ ચલાવે છે. સેવાબેંકમાંથી તેમણે તેમના સાડીના ધંધા માટે લોન લીધેલ છે. સિલાઈકામ અને સાડી વેચાણમાં જે નફો થાય તેમાંથી બચત કરે છે. હાલમાં તેમનો ધંધો ખૂબ જ આગળ વધી રહ્યો છે તેથી તેમણે બીજા બે બહેનોને સાડીઓ વેચાણ માટે આપી છે. આ રીતે તેમણે બે બહેનોને રોજગારી આપી છે.

આશાપુરાનગરની ચાલીના બહેનો જે લોખંડ અને કાગળ વીણવાનું કામ કરે છે તેમની પાસે દર મહિને રૂ.૧૦૦/-ની બચત કરાવે છે. ૨૦ બહેનોનું બચત મંડળ ચલાવે છે અને તેમના બાળકોના એજ્યુકેશન માટે બચત મંડળમાંથી લોન પણ આપે છે. કોરોના વખતે તેમણે એરિયામાં વિડિયો સેવા મંડળી સાથે રહીને આરોગ્ય કિટ અને રાશન કિટનું પણ વિતરણ કરેલ છે.

સરકાર દ્વારા ચાલતા સખીમંડળના એરિયામાં ગ્રુપ બનાવ્યા છે. વિમલાબેન સખીમંડળમાં ખજાનચી છે તેમજ એલ.આઇ.સી.ના એજન્ટ છે, તેઓ પોલિસી લેવાનું કામ કરે છે. બહેનોમાં નિરક્ષરતાનું પ્રમાણ હોવાથી અત્યારે સેવા અકાદમીના સહયોગથી સાક્ષરતાના વર્ગ ચલાવીને બહેનોને અક્ષરજ્ઞાન આપે છે. ઘર, સમાજ અને એરિયાને લગતા કોઈ નિર્ણય ન લેવાતા હોય તો તેમને બોલાવવામાં આવે છે.

તેમની ઇચ્છા મુજબ તેઓ તેમની દીકરીને પોલીસ બનાવવા માટે અભ્યાસ કરાવી રહ્યાં છે. આ માટે તેમને તેમના પરિવારનો પણ સારો સપોટ છે. તેઓ કહે છે કે હું વિડીયો સેવા-મંડળીના શેર સભાસદ બની અને સેવાની દરેક સેવા જેમ કે સેવા સંગઠન, સેવા બેંક સાથે જોડાઈને ઘણાં લાભ લીધા છે અને તાલીમો લીધા પછી મારામાં આત્મવિશ્વાસ વધ્યો અને હું હિંમતભેર આગળ વધી રહી છું.

મારું સપનું છે કે સાડી વેચાણની મારી પોતાની દુકાન હોય.

હું સેવા અને સેવા અકાદમી તેમજ વિડિયો સેવાના દરેક બહેનોનો હું દિલથી આભાર માનું છું કે જેમણે મારા જેવી શ્રમજીવી બહેનોને પ્રેરણા આપી છે અને બહેનોનું સશક્તિકરણ કરી રહ્યા છે. હું દરેક બહેનોને સંદેશો આપું છું કે સંગઠનમાં જોડાવું જોઈએ અને કોઈ પણ કામ કરીએ તો બચત કરવી જોઈએ. ઘરે કોઈને કોઈ નાનોમોટો ધંધો કરવો જોઈએ અને આપણા બાળકોના ભવિષ્ય માટે વિચારવું જોઈએ.

**— અરુણા - 'વિડીયો સેવા'**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-12-2021**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001